આપનું સપ્તાહ કેવું જશે?

તા.૨૩/૧૧/૨૦૨૬ થી તા.૨૯/૧૧/૨૦૨૬ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

મેષ (અ,લ,ઈ):- ચાલુ વીકમાં નવાં કામથી નવું શીખવા મળે તથા કામમાં વ્યસ્ત રહેવાનું થશે. નવા વાતાવરણમાં કામ કરવાની માનસિક તૈયારી કરવી પડશે. તમારી મહત્ત્વાકાંક્ષા માટેની મહેનતનું ફળ જોવા મળશે. સમાજમાં યશ મળે. દાંપત્યમાં તાલમેળ રહે. ઘરમાં નવા મહેમાનનું આગમન થાય. ઉઘરાણી આવી શકે છે. લાગણીઓ પર કાબૂ રાખવો અને વ્યવહારમાં સમજદારી પરીક્ષાની તૈયારી કરનારને હકારાત્મક પરિણામ મળે. બહારનાં કામ પાર પડે.

વૃષભ (બ,વ,ઉ):- સપ્તાહ સતત કામની વ્યવસ્તતાવાળું રહેવાથી આરામની જરૂર પડશે. બહારનાં કામ પ્રવાસ, સમાજ અને માર્કેટીંગ વગેરે થકવી નાખશે. પોતાની યોગ્યતા પ્રમાણે નવી તકનો લાભ મળશે. પારિવારિક સમસ્યામાં વડીલોની સલાહ કામ આવે. વિદેશથી શુભ સમાચાર મળે. નોકરીમાં પ્રમોશન મળે. વિવાદથી બચવું. પ્રેમવિવાહની ઓફર આવી શકે છે. ખાણી-પીણીના ધંધામાં આવક વધે. વારસાનાં કામમાં પ્રગતિ થાય.

મિથુન (ક,છ,ઘ):- ચાલુ વીકમાં વિદ્યાર્થીઓને ભણવાનું વાતાવરણ મળશે. આવક વધારવાની યોજનામાં પ્રગતિ થાય. મિત્રોથી સાવધાન રહેવું. પ્રેમમાં વિશ્વાસ વધશે. મોજ-શોખ, શિક્ષણ, શેરબજારને લગતાં કામ થાય. આધુનિક ઉપકરણોનો ઉપયોગ માનસિક અશાંતિ અને થાક વધારશે. મિડીયાથી સાવધાન રહેવું. વિદેશના કામમાં પ્રગતિ થાય. સંતાનોની સમસ્યા સતાવે. ધાર્મિક પ્રવાસ થાય. ઉઘરાણીની ચિંતા હળવી થાય.

કર્ક (ડ,હ):- સપ્તાહ પ્રોપર્ટીના સોદા માટે અનુકૂળ રહેશે. વેપારમાં નવા સોદા પાર પડશે. આવક વધારવાની તક મળે. નોકરીમાં પ્રમોશન કે નવી તકથી લાભ થાય. સમાજમાં યશ મળે. અચાનક કોઈ નવી સફળતાથી માન વધશે. નવાં રોકાણ થાય. પ્રેમમાં વિશ્વાસ વધે. લાગણી પર કાબૂ રાખવો. વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શનનો લાભ મળે. મિત્રો સાથે મનોરંજન થાય. ધાર્મિક પ્રવાસમાં સાવધાની રાખવી. ખર્ચા વધશે.

સિંહ (મ,ટ):- વીક દરમિયાન તમારી લાગણીઓની કદર પરિવારજનો વડે થવાથી આત્મવિશ્વાસ વધશે. ઉચ્ચ શિક્ષણમાં મદદ મળશે. જીવનસાથી સાથે સામાજિક તથા ધાર્મિક પ્રવૃત્તિ થાય. નવા વેપાર ધંધાની યોજનામાં વડીલોનો સાથ મળે. નોકરીમાં નવી તક ઊભી થાય. વિદેશનાં કામમાં પ્રગતિ થાય. સમાજમાં યશ મળે. કોઈની વાતોમાં નિર્ણય બદલવા નહીં. ખર્ચા વધશે.

કન્યા (પ,ઠ,ણ):- સપ્તાહ નવી તકો અને લોભામણી તકોવાળું રહેશે. માટે સમજદારીપૂર્વક તકનો લાભ લેવો. સરકારી નોકરિયાતે સાવધાની રાખવી. અધ્યાત્મ, સત્સંગ, ધાર્મિક સાહિત્ય, પ્રવાસ, વિદેશ અને ઉચ્ચ શિક્ષણને લગતાં કામમાં અનુકૂળતા વધશે. વિદેશ પ્રવાસ થાય. સમાજમાં પ્રગતિ અને મોભો વધશે. આવક વધારવાની તક મળે. પ્રોપર્ટી વગેરેનો સોદો થાય. મોજ-શોખના ખર્ચા વધશે.

તુલા (ર,ત):- ચાલુ વીકમાં તમારા અંગત તેમજ કુટુંબ-સંતાન વગેરેને લગતાં કામમાં અવસર મળશે. મહત્ત્વનાં કામ તેમજ અધૂરાં કામ સમયથી પહેલાં પાર પડશે. નવી નોકરીની તક સામે આવશે. વેપાર-ધંધામાં નવા ફેરફાર કરવાની અનુકૂળતા વધશે. પરિવારના સભ્યના નોકરી કે શિક્ષણને લગતાં કામમાં સફળતા મળે. નવાં આર્થિક રોકાણ થાય. પ્રેમ પ્રકરણો અને સંતાન જીવનસાથી વગેરે બાબતે લાગણી પર કાબૂ રાખવો. વિદેશનાં કામ થાય.

વૃશ્ચિક (ન,ય):- સપ્તાહ તમારા આરોગ્ય બાબતે મહત્ત્વનું સાબિત થઈ શકે છે. અચાનક કોઈ નિદાનથી જૂનાં દર્દોથી મુક્તિ મળે. આંખની કાળજી રાખવી. ફીટનેસ બાબતે સભાન બનશો. દાંપત્યમાં તાલમેળ વધશે. પ્રેમવિવાહની શક્યતા વધશે. કોર્ટ-કચેરીમાં ચાલતા કેસનું હકારાત્મક પરિણામ આવે. આવક વધારવાની યોજનામાં મદદ મળે. રોજનાં કામમાં અનુકૂળતા રહે. સરકારી કામ થાય. વિદેશ યાત્રાના કામમાં પ્રગતિ થાય.

ધન (ભ,ધ,ફ,ઢ):- ચાલુ વીકમાં મહત્ત્વના નિર્ણય ઉતાવળમાં લેવા નહીં. અચાનક કોઈ તક મળશે. સ્વાર્થી મિત્રોથી સાવધાન રહેવું. પ્રેમ પ્રકરણમાં સાથ મળે. વિજાતિય મિત્રોથી સાવધાન રહેવું. પારિવારિક કામ થાય. ઘરનાં નાનાં સભ્યોની પ્રગતિ થાય. આરોગ્ય બાબતે સાવધાની રાખવી પડશે. સરકારી યોજનાનો લાભ મળે. હરીફોની હેરાનગતિ વધશે. કોર્ટ-કચેરીમાં મદદ મળે. વિદ્યાર્થીઓને નવી જાણકારીથી લાભ થાય.

મકર (ખ,જ):- સપ્તાહ આગળ કરેલી ભૂલો સુધારવાની તક ઊભી કરનાર બની રહેશે. માટે ભાવનાત્મક નિર્ણયથી બચવું. નોકરીમાં નવા ફેરફાર થશે. બહારના કામનો બોજ વધશે. પ્રવાસમાં રંગીન મુલાકાત થાય. પ્રેમ પ્રકરણોથી બદનામી થઈ શકે છે માટે સ્વાર્થી લોકોથી સાવધાન રહેવું. વિદ્યાર્થીઓને ઉત્સાહજનક સમાચાર મળશે. નવાં આર્થિક રોકાણ થાય. નોકરીમાં નવી તક મળે.

કુંભ (ગ,સ,શ,ષ):- સપ્તાહ દરમિયાન નવા પ્રભાવશાળી સંપર્કો વધશે અને નોકરી ધંધામાં ઈચ્છિત ફેરફારમાં મદદરૂપ બને તેવી મુલાકાત પણ થાય. અટકેલાં નાણાં, લોન કે આર્થિક બાબતોને લગતાં કામ થાય. પ્રોપર્ટીને લગતા નિર્ણય લેવાય તથા સોદા પાર પડશે. નવા ઘરની યોજના બને. વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન મળે. વડીલોની મદદથી સામાજિક કામ પાર પડશે. પ્રેમમાં સાથ મળે. મિત્રો સાથે મનોરંજન થાય. ખર્ચા વધશે.

મીન (દ,ચ,ઝ,થ):- ચાલુ વીકમાં ખાવા-પીવાનાં શોખીનોને મનગમતા ભોજનનો આનંદ મળે. પારિવારિક પાર્ટીમાં વ્યસ્ત રહેવાનું બને. વડીલો સાથે ઘર-પરિવારની સમસ્યાની ચર્ચાથી પરિણામ મળે. ઉઘરાણી આવે. ખાણી-પીણીના ધંધામાં આવક વધશે. યાત્રા-પ્રવાસ થાય પણ આનંદ-મસ્તીમાં વિઘ્નો આવી શકે છે. વિદ્યાર્થીઓને સમૂહમાં કામ કરવાની તક મળે. ટેકનોલોજી સાથે સંકળાયેલાને ભાગ્યનો સાથ મળે. પ્રેમમાં સહકાર મળે.

સોનિયા ગાંધી એક આધ્યાત્મિક આત્મા

નહેરુ-ગાંધી પરિવારના દરેકની કુંડલીમાં આધ્યાત્મિક યોગ અને પૂર્વનાં કર્મોના શુભ સંકેત છે



સોનિયા ગાંધીની કર્ક લગ્નની કુંડલી આશ્લેષા નક્ષત્રના ત્રીજા ચરણની ગંડાતયુક્ત પૂર્વના કોઈ યોગભ્રષ્ટ આત્માના સંકેત સમાન છે. લગ્નેશ ચંદ્ર બારમે રાહુના નક્ષત્રમાં વિપરીત રાજયોગ કરે છે, જે વિદેશમાં નિવાસ કે સ્થાયીના યોગ પ્રબળ રીતે કરે છે. આ ચંદ્રને ગુરુ-મંગળનો શુભ સાથ મળે છે તેમજ કુંડલીમાં પ્રબળ આધ્યાત્મિક યોગ બનતો હોવાથી ચંદ્ર લોકસેવાના શુભ કાર્ય કરાવે એવું વૈદિક જ્યોતિષનું કથન છે. માટે જ દેશના પ્રથમ હરોળના રાજ પરિવાર સાથે પરદેશમાં નાતો જોડાયો અને ભારત દેશના અને દેશની જનતાની સેવાનો મોકો મળ્યો! તેમનો સપ્તમેશ શનિ જે મારકેશ પણ છે અને વક્રી થઈને દેહભુવનમાં પોતાના પુષ્ય નક્ષત્રમાં સાંસારિક સુખને નષ્ટ કરનાર બને છે. જ્યોતિષના નિયમ પ્રમાણે કોઈ પણ પાપગ્રહ જ્યારે પોતાના સ્વસ્થાન પર દૃષ્ટિ કરે છે ત્યારે તે સ્થાનનું જીવંત સુખ છીનવી લે છે. સોનિયાજીની કુંડલી શનિ કર્ક રાશિમાં અતિ અશુભ બને છે. લગ્નજીવનનું સુખ છીનવી લેનાર સાતમું સ્થાન જીવનસાથીનું છે. માટે પતિ રાજીવ ગાંધીની હત્યા થઈ અને તેમની જિંદગી ડામાડોળ અને અસ્થિર થઈ ગઈ. ઉપરાંત તેમની કુંડલીમાં મારકેશ બુધ, સૂર્ય અને કેતુ તથા રાહુનો પ્રભાવ પાંચમે સંતાનોના ભવિષ્યની કાયમ ચિંતાના યોગ કરે છે. પણ જ્યોતિષ પ્રમાણે પાંચમે સૂર્ય, બુધ, રાહુ, કેતુ તેજસ્વી સંતાન આપે છે પણ તેમના ભવિષ્યની ચિંતા કાયમી રહે અને સતત સંતાન ચિંતા માનસિક પીડાના યોગ કરે છે. તેમની કુંડલીમાં શુભ ફળ આપનાર, ચંદ્ર, ગુરુ અને મંગળની સ્થિતિ શુભ છે. બળવાન મંગળ છઠે શત્રુહર્તા યોગ કરે છે માટે તેમના વિરોધીઓનાં હથિયાર હંમેશા બૂઠાં સાબિત થાય છે. મંગળ મૂળ નક્ષત્રનો ગંડાતયુક્ત છે. સૂર્ય પણ જ્યેષ્ઠા નક્ષત્રનો ગંડાતયુક્ત છે અને મંગળની સપ્તમેશ શનિ પર દૃષ્ટિ અને પતિના કારક સૂર્યનું પીડિત હોવું પતિના સુખથી વંચિત કરનાર બને છે. હવે તેમને કુંડલીમાં બનતા અતિ શુભ, અદ્ભુત અને પરમના પ્રવેશદ્વાર તરફ લઈ જનાર યોગની વાત કરીએ તો જ્યોતિષશાસ્ત્રનાં તથ્યો સાબિત થાય છે. તેમની આત્મકથા 'બિલોંગિંગઃ અ જર્ની ઓફ લવ'માં તેમણે તેમના જીવનની ભયંકર પરિસ્થિતિમાં 'ગીતા'નો સાથ, હું અહીં સહારોની પણ સાથ શબ્દ એટલા માટે વાપરું છું કે ''ગીતા એટલે ભગવાન શ્રીકૃષ્ણ', ગીતામાં તમામ પ્રાણી માત્રની સમસ્યાનું સમાધાન આપેલ છે. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે ''સત્ય એ જ હું છું સત્યની ક્યારે હાર થતી નથી. ફક્ત નિષ્કામ ભાવે મારા શરણમાં આવવાનું છે'' સોનિયા ગાંધીની કુંડલીમાં ચોથાનો માલિક શુક્ર અને ભાગ્યનો માલિક ગુરુ ટૂંકમાં કેન્દ્ર ત્રિકોણના માલિકની યુતિ

તેમની જિંદગી ડામાડોળ અને અસ્થિર થઈ ગઈ. ઉપરાંત તેમની કુંડલીમાં મારકેશ બુધ, સૂર્ય અને કેતુ તથા રાહુનો પ્રભાવ પાંચમે સંતાનોના ભવિષ્યની કાયમ ચિંતાના યોગ કરે છે

ચોથા કેન્દ્રસ્થાનમાં પરમના દ્વાર સુધી લઈ જનાર આધ્યાત્મિક યોગ કરે છે. વૈદિક જ્યોતિષ પ્રમાણે કુંડલીમાં ચોથું સ્થાન એ માનવીના ચારિત્ર્યના માપદંડનું છે તથા ભૌતિક તેમજ આધ્યાત્મિક સિદ્ધિ, બુદ્ધિમતા, કીર્તિ, વૃધ્ધાવસ્થા અને માનવીની અંતિમ ગતિનું સૂચન કરે છે. અહીં ગુરુ જો શુભત્વ પામેલ હોય તો જાતકનું જીવન ધન્ય થઈ જાય છે અને મૃત્યુ પછી જીવાત્માની સદ્ગતિ થાય છે તે માટે બારમું સ્થાન અને કેતુની સ્થિતિ પણ શુભ હોવી જોઈએ. સોનિયાજીની કુંડલીમાં બારમાનો માલિક પાંચમે કેતુ સાથે છે અને બારમા સ્થાનમાં રહેલ ચંદ્ર પર ગુરુની દૃષ્ટિ છે માટે આ કુંડલીમાં ઉત્તમ જીવન સાર્થક કરવાના યોગ થાય છે માટે જ તો તેમને તેમના જીવનની ભયંકર સ્થિતિમાં ભગવદ્ગીતા યાદ આવ્યાં. ચોથા સ્થાનમાં શુભ બનતી ગુરુ-શુક્રની યુતિ તેમના અંતઃકરણને શુધ્ધ અને સાત્વિક બનાવે છે. સામાન્ય રીતે ચોથા સ્થાનનો શુક્ર ભોગવિલાસ તરફ લઈ જતો હોય છે પણ બંને ગુરુ હોવાના નાતે શુભ છે અને ગુરુ શુક્રનો યોગ જાતકને અધ્યાત્મના માર્ગે જ્ઞાનની પરમ સીમાએ લઈ જાય છે માટે તેમણે જ્ઞાનની સાધનામાં સિધ્ધિ માટે ભગવદ્ ગીતાનો સાથ લીધો.

જ્યોતિષના નિયમ પ્રમાણે ગુરુ-શુક્રની યુતિ સાંસારિક જીવન માટે શુભ નથી. આ યુતિ સંસારી જીવનને દુઃખમય બનાવી દે છે પણ આધ્યાત્મિક માર્ગની સાધના કે સાધકો માટે ઉન્નતિ કારક છે. શુક્ર અને ગુરુ સોનિયાજીની કુંડલીમાં ગુરુના વિશાખા નક્ષત્રમાં છે માટે શુક્ર પૂર્ણ રીતે ગુરુના પ્રભાવમાં હોવાથી તેમની જ્ઞાનની દૃષ્ટિ સ્થિતપ્રજ્ઞ યોગીની જેમ સ્થિર થઈ ગઈ. સબકુછ સમાન લાગવા માંડ્યું માટે નિર્ભયતા, અડગતા, ધીરતા, ગંભીરતા, સ્વતંત્રતા, સત્યતા અને પોતાના કર્તવ્યમાં નિડર રીતે આગળ વધવાની આંતરિક ભગવદ્ ગીતાની શક્તિ પ્રાપ્ત થઈ અને કોઈ પણ જાતનો વિરોધીઓને પ્રતિસાદ આપ્યા વગર પોતાના કર્મમાં આગળ વધતાં રહ્યાં અને આત્મવિશ્વાસ અને આભામંડળ વિસ્તરતું રહ્યું છે અને આજે પણ એક સંતની જેમ અભદ્રતાથી દૂર રહીને પોતાનું કર્તવ્ય નિભાવે છે.

ભલભલા રાજવંશનો ઈતિહાસ ભુંસાઈ ગયો છે અને જેઓ પોતાનો કાલ્પનિક ભવ્ય ઈતિહાસ રચવાની કોશિષ કરે છે, તેઓ સર્વે ભૂંસાતાં જાય છે પણ નહેરુ-ગાંધીનો ઈતિહાસ ભૂંસવા અનેક ઊર્જાનો વ્યય કરવા છતાં પણ તેમનો ઈતિહાસ ચમકતો કેમ રહે છે? તેનું કારણ સાચી ભક્તિ કે આધ્યાત્મિકતા છે. બાહ્યાચાર વગરની ધાર્મિકતા અને ભક્તિ જ ભગવાનનો સાથ પ્રાપ્ત કરાવે છે. આધ્યાત્મિક ઊર્જા આગળ દુનિયાની કોઈ ઊર્જા કારગત થતી નથી. સોનિયા ગાંધી સાચા શ્રીકૃષ્ણ ઉપાસક સાબિત થયાં અને રાહુલ આડંબર વગરની શિવ ભક્તિ આધ્યાત્મિક શક્તિએ તેમની ઊર્જાને એટલી પ્રભાવશાળી બનાવી દીધી છે કે જે કોઈ મિટાવા જશે તે જ મટી જશે, કારણકે નહેરુ-ગાંધી પરિવારના દરેકની કુંડલીમાં આધ્યાત્મિક યોગ અને પૂર્વનાં કર્મોના શુભ સંકેત છે. જો આ પરિવાર ભગવદ્ગીતાને સાચી રીતે અનુસરતો રહેશે તો વિરોધીઓ ફક્ત સ્વપ્ન જોતાં રહી જશે. સોનિયા ગાંધીની કુંડલી જ્યોતિષના આધ્યાત્મિક નિયમોને સાબિત કરે છે.

ગુજરાતમાં નવા મતદારોની નોંધણી માટે ત્રણ રવિવારે ખાસ ઝુંબેશ

૨૯ નવેમ્બરથી મતદાન મથકો પર કેમ્પ યોજાશે

ગાંધીનગર : ગુજરાતમાં મતદારયાદીથી વંચિત રહી ગયેલા નાગરિકો અને પ્રથમ વખત મતદાન માટે પાત્ર બનનારા યુવાનોને નામ નોંધાવવાની તક આપવા રાજ્યવ્યાપી ખાસ ઝુંબેશ યોજાશે. ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર સતત સુધારણા પ્રક્રિયા હેઠળ આગામી ૨૯ નવેમ્બર, ૬ ડિસેમ્બર અને ૧૩ ડિસેમ્બરના ત્રણ રવિવારે રાજ્યનાં તમામ મતદાન મથકો પર વિશેષ કેમ્પ યોજવામાં આવશે. સવારે ૧૦થી સાંજે ૫ વાગ્યા સુધી યોજાનારા આ કેમ્પમાં બૂથ લેવલ ઓફિસરો (BLO) અને નિયુક્ત અધિકારીઓ ઉપસ્થિત રહી મતદાર નોંધણી માટેની અરજીઓ સ્વીકારશે.

ખાસ કરીને ૧૮થી ૧૯ વર્ષના યુવા મતદારો ઉપરાંત મતદારયાદીમાં નામ નોંધાવવાનું બાકી રહી ગયેલા પાત્ર નાગરિકો આ ઝુંબેશનો લાભ લઈ શકશે. ફોર્મ-૬ ભરીને મતદારયાદીમાં નામ નોંધાવી શકાશે. એટલું જ નહીં, ૧ જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ કરનારા યુવાનો તેમજ ૨૦૨૭ની આગામી ૧ એપ્રિલ, ૧ જુલાઈ અને ૧ ઓક્ટોબરની લાયકાતની તારીખોએ ૧૮ વર્ષ પૂર્ણ કરનારા ભાવિ મતદારોની આગોતરી અરજીઓ પણ સ્વીકારવામાં આવશે.

આ ઝુંબેશ સુચારુ રીતે યોજાય તે માટે રાજ્યના તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને આયોજનની સૂચના આપવામાં આવી છે.

કેમ્પ દરમિયાન સુપરવાઇઝરો ઉપરાંત જિલ્લા ચૂંટણી અધિકારીઓ, ચૂંટણી નોંધણી અધિકારીઓ અને સહાયક ચૂંટણી નોંધણી અધિકારીઓ દ્વારા પણ કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવશે. આ અભિયાનનો હેતુ મતદારયાદીને વધુ અદ્યતન અને સર્વસમાવેશક બનાવવાનો છે.

ગુજરાતમાં ઠંડીનું જોર વધ્યું, નલિયા 11 ડિ.સે. સાથે સૌથી ઠંડું

આગામી ત્રણ દિવસમાં લઘુતમ તાપમાનમાં 2થી 3 ડિગ્રીનો વધારો થવાની આગાહી

ત્યારબાદ ઠંડીનું પ્રમાણ યથાવત્ રહેવાની શક્યતા

ગાંધીનગર : રાજ્યમાં શિયાળાની ઠંડીનો અહેસાસ વધી રહ્યો છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક વિસ્તારોમાં લઘુતમ તાપમાન સામાન્ય કરતાં નીચું નોંધાતાં વહેલી સવારે ઠંડીનું જોર અનુભવાઈ રહ્યું છે. નલિયા 11 ડિ.સે. લઘુતમ તાપમાન સાથે રાજ્યનું સૌથી ઠંડું મથક બન્યું હતું. જ્યારે ગાંધીનગરમાં 12.3 ડિ.સે. અને રાજકોટમાં 13.6 ડિ.સે. તાપમાન નોંધાયું હતું. જોકે, હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ દરમિયાન લઘુતમ તાપમાનમાં ક્રમશઃ 2થી 3 ડિગ્રીનો વધારો થવાની આગાહી કરી છે. ત્યારબાદ તાપમાનમાં ખાસ ફેરફાર થવાની શક્યતા નથી. હવામાન વિભાગના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, છેલ્લા 24 કલાક દરમિયાન ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ સહિત દમણ, દીવ અને દાદરા નગર હવેલીમાં હવામાન મુખ્યત્વે સૂકું રહ્યું હતું. રાજ્યમાં લઘુતમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નોંધાયો નહોતો. ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં લઘુતમ તાપમાન સામાન્ય કરતાં નોંધપાત્ર નીચું રહ્યું હતું, જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક વિસ્તારોમાં પણ ઠંડીનો પ્રભાવ જોવા મળ્યો હતો. રાજ્યનાં વિવિધ શહેરોમાં નોંધાયેલા લઘુતમ તાપમાન મુજબ ભૂજમાં 18.3 ડિ.સે., નલિયામાં 11.0 ડિ.સે., અમરેલીમાં 12.8 ડિ.સે., ભાવનગરમાં 17.6 ડિ.સે., રાજકોટમાં 13.6 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 17.0 ડિ.સે., મહુવામાં 14.3 ડિ.સે., કેશોદમાં 15.4 ડિ.સે., અમદાવાદમાં 15.5 ડિ.સે., ડીસામાં 14.8 ડિ.સે., ગાંધીનગરમાં 12.3 ડિ.સે., વડોદરામાં 15.4 ડિ.સે., સુરતમાં 17.4 ડિ.સે. અને દમણમાં 17.4 ડિ.સે. લઘુતમ તાપમાન નોંધાયું હતું. દરમિયાન, હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ત્રણ દિવસમાં લઘુતમ તાપમાનમાં 2થી 3 ડિગ્રીનો ક્રમશઃ વધારો થઈ શકે છે. અમદાવાદમાં લઘુતમ તાપમાન 17 ડિ.સે. રહેવાની શક્યતા છે. બીજી તરફ રાજ્યમાં પવનની દિશા મુખ્યત્વે ઉત્તર-પૂર્વ અને ઉત્તર-પશ્ચિમ તરફની રહેતાં સૂકા પવનો ફૂંકાઈ રહ્યા છે. મેદાની વિસ્તારોમાં પવનની સામાન્ય ગતિ 4થી 12 કિમી પ્રતિ કલાકની આસપાસ રહેવાની શક્યતા છે. નવેમ્બરના અંતિમ સપ્તાહમાં ઠંડીનું પ્રમાણ કેવું રહે છે તેના પર સૌની નજર રહેશે. હાલ આકાશ સ્વચ્છ રહેવાની સાથે વહેલી સવારે અને રાત્રિના સમયે કેટલાક વિસ્તારોમાં હળવું ધુમ્મસ કે ઝાકળ જોવા મળી શકે છે.

જામનગરમાં ઈન્કમટેક્સ અધિકારી રૂ.૮ લાખની લાંચ લેતાં ઝડપાયા

ગાંધીનગર : જામનગરમાં લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો (એસીબી) એ મોટી કાર્યવાહી કરી ઈન્કમટેક્સ ઓડિટ વિભાગના આસિસ્ટન્ટ ઓડિટ ઓફિસરને રૂ.૮ લાખની લાંચ લેતાં રંગેહાથ ઝડપી પાડ્યા છે. અમદાવાદના ઓડિટ ભવન, નવરંગપુરા ખાતે ફરજ બજાવતા આસિસ્ટન્ટ ઓડિટ ઓફિસર વિનસકુમાર અમરચંદ સાવરિયા (ઉં.વ. ૪૪)એ એક કંપનીના મેનેજિંગ ડિરેક્ટરના વર્ષ ૨૦૨૪-૨૫ના ઈન્કમટેક્સ રિટર્ન સંબંધિત બંધ થયેલા એસેસમેન્ટને ઓડિટ માટે ફરી ખોલવામાં ન આવે તે માટે ફરિયાદી પાસે રૂ.૮ લાખની લાંચ માગી હતી. લાંચ આપવા ઇચ્છુક ન હોવાથી એક જાગૃત નાગરિકે એસીબીનો સંપર્ક કરતાં છટકું ગોઠવવામાં આવ્યું હતું.

એસીબીએ ૨૨ નવેમ્બરના રોજ જામનગર-રાજકોટ હાઇવે પર ઇન્કમટેક્સ ઓફિસની બાજુમાં ત્રીમંદિર જવાના સાઇનબોર્ડ પાસે આરોપીની કારમાં જ લાંચનું છટકું ગોઠવ્યું હતું.

મુખ્યમંત્રીની સૂચનાના ૮ કલાકમાં જ ગરબાડા તળાવની સફાઈ શરૂ

ઐતિહાસિક રામનાથ તળાવની કાયાકલ્પની દિશામાં કામગીરી ઝડપી બની



ગાંધીનગર : દાહોદ જિલ્લાના ગરબાડા ખાતે આવેલા ઐતિહાસિક રામનાથ તળાવના વિકાસ અને સૌંદર્યીકરણની કામગીરીનો પ્રારંભ થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ત્રિદિવસીય દાહોદ પ્રવાસના અંતિમ દિવસે તળાવની મુલાકાત લઈને તેના સર્વાંગી વિકાસ માટે સૂચનાઓ આપ્યાના માત્ર આઠ કલાકમાં જ સફાઈ કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના એક્વાટિક વીડ હાર્વેસ્ટર મશીન અને જેસીબીની મદદથી તળાવમાં વર્ષોથી જામી ગયેલી જળચર વનસ્પતિ અને કચરો દૂર કરવાની કામગીરી હાથ ધરાઈ છે.

મુખ્યમંત્રીએ મુલાકાત દરમિયાન તળાવની હાલત, આસપાસના વિસ્તાર અને ઉપલબ્ધ સુવિધાઓનું નિરીક્ષણ કરીને પર્યાવરણની જાળવણી સાથે નાગરિકોને વધુ સારી સુવિધાઓ મળી રહે તેવું આયોજન કરવા અધિકારીઓને જણાવ્યું હતું.

તળાવના કાયાકલ્પથી ગરબાડાના નાગરિકોને હરવા-ફરવા માટે નવું આકર્ષણ ઊભું થવાની સાથે સ્થાનિક પ્રવાસનને પણ વેગ મળવાની શક્યતા છે.

અનુસંધાન ... પાના પહેલાનું

કચ્છમાં માર્ગ અકસ્માતમાં...

મહિનાની બાળકી સહિત કારમાં સવાર તમામ 7 લોકોનાં ઘટનાસ્થળે જ મોત નિપજ્યાં હતાં અને કારના કચ્ચરઘાણ વળી ગયેલા કાટમાળમાંથી મૃતદેહોને બહાર કાઢવામાં કલાકો લાગ્યા હતા. મૃતકો ત્રણ અલગ-અલગ પરિવારના સભ્યો હતા, જેઓ હાલમાં ગુજરાતમાં રહેતા હતા. મૃત્યુ પામનારાઓમાં ભુજ ખાતે ફરજ બજાવતા 'સેકન્ડ ગઢવાલ રાઇફલ્સ'ના બે જવાનો સૌરભ સિંહ નેગી અને રાજેશ સિંહ રાવતનો પણ સમાવેશ થાય છે. પરિવારજનો દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, આ ત્રણેય પરિવારના સભ્યો બે અલગ-અલગ કારમાં સવાર થઈને કચ્છના રણની મુલાકાત લઈને પરત ફરી રહ્યા હતા. આ દુર્ઘટના રાત્રે આશરે ૧૦ વાગ્યાની આસપાસ બેકરિયા વિસ્તાર નજીક બની હતી.

મૃતકો મૂળ ઉત્તરાખંડના ગઢવાલના વતની હતા અને ભુજમાં તૈનાત આર્મીના જવાનોના પરિવારના સભ્યો હતા.

મૃતકોની ઓળખ સૌરભ સિંહ નેગી (30), તેમની પત્ની સવિતા (30), તેમની 3 મહિનાની પુત્રી સિવિકા, રાજેશ સિંહ રાવત (35) અને તેમની પુત્રી રક્ષિતા (7), રિંકી ગોસાઈ (30) અને તેમની 4 વર્ષની પુત્રી વામિકા તરીકે થઈ હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટના પર ઊંડો શોક વ્યક્ત કર્યો હતો અને જાહેરાત કરી હતી કે વડા પ્રધાન રાષ્ટ્રીય રાહત ભંડોળ (પીએમએનઆરએફ)માંથી પ્રત્યેક મૃતકના નજીકના સંબંધીઓને 2-2 લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે, જ્યારે ઘાયલોને 50-50 હજાર રૂપિયા આપવામાં આવશે.કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ આ ઘટના અંગે સંવેદના વ્યક્ત કરી હતી.

ગુરુ નાનકની...

કાઉન્ટર ઊભા કરવામાં આવ્યા હતા, જ્યારે સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પાકિસ્તાન રેન્જર્સ તૈનાત કરવામાં આવ્યા હતા. ઈટીપીબી દ્વારા યાત્રાળુઓની આગળની મુસાફરી સરળ બનાવવા માટે ચલણ વિનિમયની સુવિધા પણ ગોઠવવામાં આવી હતી અને તેમને ઓળખપત્ર તથા બસની ટિકિટો આપવામાં આવી હતી. નોંધનીય છે કે, ઈટીપીબી એ પાકિસ્તાન સરકારનું એક વૈધાનિક બોર્ડ છે, જે 1947ના ભાગલા દરમિયાન સ્થળાંતર કરી ગયેલા હિન્દુઓ અને શીખો દ્વારા પાછળ છોડવામાં આવેલી ટ્રસ્ટની મિલકતો અને જમીનોનું સંચાલન, નિયંત્રણ અને નિકાલ કરે છે.

ભાજપ, આરએસએસ...

ગાંધીએ કહ્યું હતું કે ભય, ક્રોધ અને નફરતે ભાજપ અને આરએસએસના સમર્થકોના હૃદયમાં એક જાળું ગૂંથ્યું છે જે તેમને પ્રેમ વ્યક્ત કરતા રોકે છે. તે સમયે ગાંધીએ ૧૨મી સદીના એક મંદિરની મૂર્તિનો ફોટો પણ પોસ્ટ કર્યો હતો, જેમાં દેવી પાર્વતી ભગવાન શિવના ખોળામાં બેઠેલા દર્શાવવામાં આવ્યા છે.

યુએનની હવામાન...

તેમાં અશ્મિભૂત ઈંધણનો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો. નોંધપાત્ર રીતે મોટી સંખ્યામાં રાષ્ટ્રોએ જણાવ્યું હતું કે કોઈ બાબત પર સર્વસંમતિ સધાય તે વધુ મહત્વનું છે અને તેમણે ઘણીવાર અનિચ્છાએ આ નિર્ણય સ્વીકાર્યો હતો. રશિયા અને સાઉદી અરેબિયા દસ્તાવેજમાંથી અશ્મિભૂત ઈંધણને બહાર રાખવા માટે દબાણ કરનારા મુખ્ય પરિબળો હતા.

તુર્કીના રિસોર્ટ શહેર અંતાલ્યામાં નિર્ધારિત સમય કરતાં લગભગ ૪૮ કલાક વધુ ચાલેલી આબોહવા વાટાઘાટોમાં EU વતી બોલતા આઇરિશ આબોહવા મંત્રી ડારા ઓ'બ્રાયને જણાવ્યું હતું કે, આપણી પાસે એવો આબોહવા કાયદો હોય જેમાં અશ્મિભૂત ઈંધણનો કોઈ ઉલ્લેખ ન હોય તે અસહ્ય છે. સંયુક્ત રાષ્ટ્રની આબોહવા વાટાઘાટોના પ્રથમ ૨૫ વર્ષોમાં મોટાભાગે પરિણામોમાં અશ્મિભૂત ઈંધણનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો, પરંતુ ત્રણ વર્ષ પહેલાં તેમાં બદલાવ આવ્યો હતો. તે સમયે તેલ-સમૃદ્ધ સંયુક્ત આરબ અમીરાતમાં એક ઐતિહાસિક સમજૂતીમાં "અશ્મિભૂત ઈંધણથી દૂર રહેવા"નું આહ્વાન કરવામાં આવ્યું હતું, પરંતુ ત્યારથી અશ્મિભૂત ઈંધણનો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ થયો નથી. હાલમાં પણ આ ઉલ્લેખ વિના જ કરાર થયો તે બાબતે ઘણા દેશોએ